**સી.સી. નં - 29349/2019**

**<u>આંક-૧ તળે હુકમ</u>**

સદર કામમાં ફરીયાદીએ આરોપી સામે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ કલમ ૧૩૮ મુજબની ફરીયાદ આપેલી છે અને સદર કામમાં આરોપીને પ્રોસેસ કાઢતા બજેલ નથી. જેથી કામ ઘણા સમયથી આરોપીના નવા સરનામાના ખુલાસા પર ચાલે છે. ફરીયાદી સદર કામે સતત ગેરહાજર રહેલ છે. ફરીયાદી તર્ફે કોઈ રીપોર્ટ કે રજુઆત નથી. ફરીયાદીને હાજર રહેવા વારંવાર તક આપવા છતા ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી હાજર રહેલા નથી. આરોપી ઉપર પ્રોસેસ બજવવા માટે કોઈ પગલા લીધા નથી. આ ફરીયાદ પોલીસ પેપર્સ સિવાય દાખલ થયેલ ખાનગી ફરીયાદ છે અને દરમુદતે ફરીયાદી અને તેમના વિ.વ.શ્રી એ હાજર રહેવુ ફરજીયાત છે તેમ છતા આ કામમાં ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી હાજર રહેલ નથી કે કામ ચલાવવામાં તસ્દી લીધેલ નથી. તે સંજોગોમાં સી.આર.પી.સી. કલમ ૨૫૬ ની જોગવાઇ ધ્યાને લઇ આ ફરીયાદ ફરીયાદીની ગેરહાજરીના કારણે કાઢી નાંખવાનો હુકમ ફરમાવુ છુ.

તા.૦૯/૧૨/૨૦૨૩

(એ.એ.વાયડા)
આઠમાં એ.સી.જે.એમ.,સુરત
કોડ નં.જીજે-૦૦૯૮૬